# ફક્ત સભ્ય સમાજને જ સારી પોલીસ મળે છે. યુપી બિહારથી પંજાબ સુધી પોલીસ દમન?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજે જે પ્રમાણે પોલીસ વિવાદોમાં સપડાઈ રહીને જન માનસમાં એક અલગ પ્રકારના ડરથી અંકિત થઈ રહી છે. એ વાત આજથી બરાબર ૬૫ વર્ષ પહેલા એટલેકે સને ૧૯૬૧ ના એક કેસમાં ભારતીય પોલીસ ગેરબંધારણીય, ગેરકાયદેસર અથવા અસંસ્કારી રીતે વર્તે છે. ત્યારે સરકાર વિરુદ્ધ મોહમ્મદ નઈમના કેસમાં સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા પ્રખ્યાત કવિ અને અલ્હાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ આનંદ નારાયણ મુલ્લાએ ૧૯૬૧ માં ભારતીય પોલીસ વ્યવસ્થા પર એક ટીકાત્મક આદેશ લખ્યો હતો. જેનો પડઘો આજે પણ ગુંજતો રહ્યો છે.

આ બાબતે પત્રકાર અરુણકુમાર ત્રિપાઠીનું યુપી, બિહાર અને પંજાબના પોલીસ દમન અને કાયદેસર વર્તનનું વિશ્લેષણ છે. જ્યારે જસ્ટિસ આનંદ નારાયણ મુલ્લાની ઐતિહાસિક ચેતવણી આજે પણ શા માટે પ્રાસંગિક છે એ વાંચવું જ રહ્યું. આ અંગે વધુમાં હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ આનંદ નારાયણ મુલ્લા લખે છે કે " સમગ્ર દેશમાં કોઈપણ અંધેર જૂથ એવું નથી જેનો ગુનાહિત રેકોર્ડ સંગઠિત દળ જે આપણે ભારતીય પોલીસ દળ કહીએ છીએ તેની નજીક આવે છે." તેમણે (જજે) પછી ઉમેર્યું, " જો હું માનતો હોત કે હું મારા પોતાના પ્રયાસો દ્વારા આ ગંદકી ,પોલીસ દળ સાફ કરી શકુ છું, તો હું મારી લડાઈ ચાલુ રાખવામાં ડરતો નહીં."પરંતુ આ આદેશ પછી જજે (તેમણે) ટિપ્પણી કરી , " જો હું ઘણીવાર પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ટીપ્પણીઓ કરું છું મને ખબર નથી કે આ ટિપ્પણીએ વધુ ધ્યાન કેમ ખેંચ્યું? આ એ પણ સૂચવે છે કે મારે ટિપ્પણીઓના આધારે કોઈ સુધારો કરવામાં આવતો નથી. આજે ૬૫ વર્ષ પછી એવું લાગે છે કે ભારતીય પોલીસની સ્થિતી વધુ ચિંતાજનક બની ગઈ છે. અથવા તો સમાજ વધુને વધુ અસંવેદનશીલ બન્યો છે. એક પણ નિવેદન ભૂલી જાઓ, પોલીસના વર્તનના સેકડો વિડીયો પોસ્ટ કરવામાં આવે છે અને વાયરલ થાય છે છતાં પોલીસના પાત્રમાં કોઈ સુધારો સ્પષ્ટ દેખાતો નથી.

# હવે સુરતમાં રોગચાળાનું પૂર ??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતની વિવિધ ખાડીઓમાં થયેલા ગેરકાયદે બાંધકામોને લઈને થયેલા ખાડી પુરાણને કારણે સુરતમાં ભારે વરસાદ અને ખાડી પુરની વિકટ પરિસ્થિતિ માંથી માંડ નીકળેલી પ્રજા માટે હવે આરોગ્ય સંબંધિત ચિંતા ઓ વધવા લાગી છે. પૂરના પાણી ઓસર્યા પછી ગંદકી, કાદવ અને દુષિત પાણીના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી ચામડીના રોગના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

પાલિકા દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં શરૂ કરાયેલા આરોગ્ય કેમ્પોમાં અત્યાર સુધી સારવાર માટે આવેલા દર્દીઓમાં સૌથી વધુ ચર્મ રોગના દર્દીઓ નોંધાયા છે. પૂરની સ્થિતિ સામાન્ય બન્યા બાદ પાલિકા એ અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચારો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય સેવાઓને પ્રાથમિકતા આપી છે. ઉપરાંત નાગરિકોને હોસ્પિટલ સુધી જવાની જરૂર ન પડે અને સ્થળ પર જ તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ૧૧ જુલાઈ થી શહેરના પૂર્વગ્રસ્ત વિસ્તારોમાં મેડિકલ કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.

આ અંગે પાલિકા દ્વારા અઠવા ઝોનમાં એક, ઉધના ઝોન - એ માં પાંચ, વરાછા ઝોન - એ માં ત્રણ, સરથાણા ઝોન માં બે અને લિંબાયત ઝોનમાં ચાર સહિત કુલ ૧૮ સ્થળે મેડિકલ કેમ્પ કાર્યરત છે. આ કેમ્પમાં મેડિકલ ઓફિસર, ચર્મરોગ નિષ્ણાંત, લેબ ટેક્નિશિયન અને અન્ય આરોગ્ય કર્મચારીઓને ટીમ દ્વારા નાગરિકોની તપાસ કરીને જરૂરી દવાઓ આપવામાં આવી રહી છે.

જ્યારે ૧૧ જુલાઈ થી રવિવારે બપોર સુધીમાં અંદાજે ૪૦૦૦ નાગરિકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેમાં સૌથી વધુ ૮૨૫ દર્દીઓને ચામડીના રોગની સારવાર આપવામાં આવી હતી. જે પૂર બાદ આરોગ્ય માટે ઊભા થયેલા સૌથી મોટા પડકાર તરીકે સામે આવ્યું છે. ઉપરાંત ૩૫૭ લોકોને તાવ, ૨૬૪ લોકોને સામાન્ય ઝાડા અને ૮૨ લોકોને ઝાડા - ઉલ્ટી ની ફરિયાદ નોંધાઈ હતી. પાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ હાલની પરિસ્થિતિમાં ચામડીનો ચેપ, તાવ અને પાણીજન્ય રોગોને ધ્યાનમાં રાખીને સતત આરોગ્ય દેખરેખ રાખવામાં આવી રહી છે. આમ શરૂ કરાયેલા તમામ મેડિકલ કેમ્પો આગામી શનિવાર સુધી કાર્યરત રહેશે. એમ જણાવ્યું હતું.

# ગુજરાત યુથ કોંગ્રેસે નેતાઓ સામે કરી લાલ આંખ: માત્ર હોદ્દો પુરતો નથી: કામ કરો અથવા પદ છોડો : ગુજરાત યુથ કોંગ્રેસે ૩૦ જિલ્લા અધ્યક્ષો સહિત ૫૬ પદાધિકારીઓને નોટીસ ફટકારી

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત યુથ કોંગ્રેસમાં હાલ મોટા ફેરફારોના સંકેત મળી રહ્યા છે. આગામી ચુંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ સક્રિય અને આક્રમક બનાવવાના ઉદેશ સાથે યુથ કોંગ્રેસના પ્રભારી નિખીલ દ્વિવેદીએ લાલ આંખ કરી છે. લાંબા સમયથી સંગઠનાત્મક કામગીરીમાં નિષ્ક્રિય રહેલા પદાધિકારીઓ સામે કડક વલણ અપનાવતા તેમણે એક સાથે ૫૬ નેતાઓને કારણદર્શક નોટીસ ફટકારી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે નિખીલ દ્વિવેદીએ રાજયના ૩૦ જિલ્લા અધ્યક્ષો અને ૫૬ પ્રદેશ પદાધિકારીઓને કારણ બતાવો નોટીસ ફટકારી છે. આ નેતાઓને તેમના કાર્યકાળ દરમિયાન કરેલી કામગીરી અને સંગઠનાત્મક ગતિવિધિઓ અંગે તાત્કાલીક ખુલાસો રજુ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. યુથ કોંગ્રેસના પ્રભારીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે હવે સંગઠનમાં કોઈપણ પ્રકારની નિષ્ક્રિયતા ચલાવી લેવામાં આવશે નહી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે યુથ કોંગ્રેસમાં માત્ર હોદ્દાનુ નામ ધરાવવુ પુરતુ નથી, પરંતુ જનતાના પ્રશ્નો માટે સડક પર ઉતરીને સંઘર્ષ કરવો અનિવાર્ય છે. જો નિર્ધારીત સમય મર્યાદામાં સંતોષકારક જવાબ નહી મળે તો શિસ્તભંગના કડક પગલા લેવામાં આવશે. આ કડક વલણ પાછળનો મુખ્ય ઉદેશ સંગઠનને ગતિશીલ બનાવવાનો છે. નેતૃત્વ દ્વારા એવો સંદેશ આપવામાં આવ્યો છે કે જે કાર્યકરો જમીની સ્તર પર મહેનત કરશે અને જનતાના મુદ્દાઓ માટે સંઘર્ષ કરશે, તેમને જ સંગઠનમાં મોટી જવાબદારીઓ અને વિશેષ તકો આપવામાં આવશે. આ પગલાથી સ્પષ્ટ થાય છે કે ગુજરાત યુથ કોંગ્રેસ હવે વધુ આક્રમક બનવાની તૈયારીમાં છે. લાંબા સમયથી નિષ્ક્રિય રહેલા પદાધિકારીઓને હટાવીને નવા અને ઉત્સાહી કાર્યકરોને આગળ લાવવાની કવાયત તેજ બની છે. આ ફેરબદલ આગામી સમયમાં રાજયના રાજકારણમાં બુથ કોંગ્રેસની ભુમિકાને વધુ મજબુત બનાવે તેવી શકયતા છે.

# અંબાજી દાનની ચોરી મામલે ચિરાગ ઠાકોર સહિત ૩ પૂર્વ કર્મચારીઓની ધરપકડ: એસઓપી પણ અમલમાં મુકી

પ્રતિનિધિ,ગાંધીનગર



અંબાજી મંદિરના ભંડારામાં દાનની રોકડની ચોરીનો મામલો બહાર આવ્યા બાદ મંદિર ટ્રસ્ટ અને જિલ્લા વહિવટી તંત્ર હરકતમાં આવ્યુ છે. ભકતોની આસ્થાને ઠેસ પહોચાડનારી આ ઘટનાને ગંભીરતાથી લઈ હવે ભંડારાની ગણતરી અને સુરક્ષા માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર અમલમાં મુકવામાં આવી છે. જિલ્લા કલેકટરે જણાવ્યુ હતુ કે મંદિરના એક કર્મચારીએ ભંડારમાંથી રોકડના બંડલની ચોરી કરી હતી.

આ કેસમાં ચિરાગ ઠાકોર સહિત ૩ પૂર્વ કર્મચારીઓની પોલીસે ધરપકડ કરી છે. ચોરીમાં સંડોવણી બહાર આવતા મંદિર ટ્રસ્ટે ત્રણેય કર્મચારીઓને તાત્કાલીક અસરથી બરતરફ કરી દીધા છે. ઘટના બાદ મંદિર ટ્રસ્ટે ભંડારાની ગણતરી પ્રક્રિયાને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવા માટે અનેક મહત્વના નિર્ણયો લીધા છે. નવી એસઓપી મુજબ હવે ભંડારાની ગણતરી ૨૦ થી વધુ સીસીટીવી કેમેરાની સતત નજર હેઠળ કરવામાં આવશે. તમામ સીસીટીવી નુ રેકોર્ડિંગ ઓછામાં ઓછા ૬ મહિના સુધી સુરક્ષિત રાખવામાં આવશે. જેથી ભવિષ્યમાં કોઈપણ ગેરરીતીની તપાસ સરળતાથી થઈ શકે.

આ ઉપરાંત ભંડારાની કામગીરીમાં જોડાતા તમામ કર્મચારીઓનુ મેડલ ડીરેકટર દ્વારા ફરજીયાત ચેકીંગ કરવામાં આવશે. મંદિર પરીસરમાં પ્રવેશ અને બહાર નિકળતી વખતે ડબલ સ્કેનીંગ ની વ્યવસ્થા પણ અમલમાં મુકવામાં આવશે. ભંડારાની ગણતરી દરમિયાન પારદર્શિતા જળવાઈ રહે તે માટે ચાચરચોક ખાતે આવેલી સ્કિન પર પ્રક્રિયાનુ લાઈવ પ્રસારણ પણ કરવામાં આવશે. અંબાજી મંદિર જેવી શ્રધ્ધાનુ કેન્દ્ર ગણાતી જગ્યાએ દાનની ચોરી ની ઘટના બહાર આવતા અનેક સવાલો ઉભા થયા છે. જો કે આ હવે નવી એસઓપી અને સુરક્ષા વ્યવસ્થાઓ અમલમાં આવ્યા બાદ ભકતો માં વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હવે જોવુ એ રહ્યુ કે આ નવી વ્યવસ્થાઓ માત્ર કાગળ પુરતી મર્યાદીત રહે છે કે પછી ખરેખર ભંડારાની સુરક્ષા માટે અસરકારક સાબિત થાય છે.

# ગુજરાત હાઈકોર્ટે દુષ્કર્મ પીડીત ૨ સગીરાને ગર્ભપાતની મંજુરી આપી: સાબરકાંઠાની ૧૬ વરસની સગીરાને ૨૬ અઠવાડીયાનો અને કચ્છની ૧૭ વરસની સગીરાને ૧૬ અઠવાડીયાનો ગર્ભ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ ચુકાદો આપતા સાબરકાંઠા અને કચ્છની ૨ દુષ્કર્મ પીડીત સગીરાઓને ગર્ભપાત કરાવવાની મંજુરી આપી દીધી છે. અદાલતે સુપ્રિમ કોર્ટના અગાઉના ચુકાદાઓ અને બંને પીડીત સગીરાઓના શારીરિક તથા માનસિક હિતને સર્વોપરી ગણીને આ માનવતાવાદી આદેશ કર્યો છે. આ સંવેદનશીલ તબીબી પ્રક્રિયા માટે નિષ્ણાંત ડોકટરોની વિશેષ પેનલની રચના કરવામાં આવશે અને ભવિષ્યની કાનુની તપાસના ભાગરૂપે ગર્ભ ના ડીએનએ સેમ્પલ પણ સુરક્ષિત રાખવામાં આવશે.

પ્રથમ કેસની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ ની ફરીયાદ નોંધાઈ હતી. આ મામલામાં ભોગ બનનાર ૧૬ વર્ષની સગીર પીડીતાના ગર્ભપાત માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. મેડીકલ રીપોર્ટ અનુસાર સગીરાને ૨૬ અઠવાડીયા અને ૦૩ દિવસનો ગર્ભ હતો. જે કાયદાકીય મર્યાદા કરતા વધુ સમયનો હતો. જો કે હાઈકોર્ટે પીડીતાની નાજુક માનસિક સ્થિતિને ગંભીરતાથી ધ્યાને રાખીને હિંમતનગરની સીવીલ હોસ્પિટલના સીનીયર ડોકટરોની વિશેષ દેખરેખ હેઠળ આ ગર્ભપાતની પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવા આદેશ આપ્યો છે.

તો અન્ય એક કિસ્સામાં કચ્છની ૧૭ વરસની સગીરા સંડોવાયેલી છે. જેને ૧૬ અઠવાડીયાનો ગર્ભ રહ્યો હતો અને આ અંગે ગાંધીધામ ના એ ડીવીઝન પોલીસ મથકે ગુન્હો નોંધાયેલો છે.

આ પીડીતા ગંભીર એનિમિયા (લોહીની ઉણપ) ની બિમારીથી પીડીત હોવા છતાં અદાલતે તમામ તબીબી પાસાઓ અને જોખમોની ઝીણવટભરી ચકાસણી કરીને ગાંધીધામ જનરલ હોસ્પિટલમાં ગર્ભપાત કરાવવાની મંજુરી આપી છે. જો કે હાઈકોર્ટની માર્ગદર્શિકા મુજબ બંને કેસમાં પીડીતા અને તેમના પરીવારે પોતાના જોખમે આ સર્જરી કરાવવા માટે હોસ્પિટલ તંત્રને યોગ્ય લેખિત બાંહેધરીપત્ર આપવાનુ રહેશે. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં વહિવટી તંત્ર માટે અત્યંત મહત્વની સ્પષ્ટતા કરી છે કે જો ગર્ભપાતની આ જટીલ પ્રક્રિયા દરમિયાન કોઈ બાળક જીવિત જન્મે તો હોસ્પિટલ સત્તાવાળાઓએ તેને બચાવવા માટે તમામ શ્રેષ્ઠ તબીબી સારવાર આપવાની રહેશે.

જો ભવિષ્યમાં પીડીતા કે તેનો પરીવાર આ બાળકની જવાબદારી લેવા તૈયાર ન થાય તો રાજય સરકાર અને તેની સંબંધિત બાળ કલ્યાણ એજન્સીઓએ જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ તે બાળકની ઉછેર સહિતની સંપૂર્ણ કાનુની જવાબદારી સંભાળવી પડશે.

આ ઉપરાંત ભવિષ્યની અદાલતી કાર્યવાહીમાં ગુન્હા સાબિતી માટે ડોકટરોએ ગર્ભમાંથી વૈજ્ઞાનિક પધ્ધતિ થી ડીએનએ ટીશ્યુ સેમ્પલ મેળવીને સંબંધિત તપાસ અધિકારીને સોંપવાના રહેશે.

# સુરતમાં દુષ્કર્મ પીડીતાનો કેસ લડતા વકીલે જ સગીરા પર દુષ્કર્મ આચર્યુ: વિડીયો ઉતારીને વકીલે બ્લેકમેઈલ પણ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરત શહેરમાં ગુન્હાખોરીના વધતાજતા ગ્રાફ વચ્ચે એક ચોકાવનારા સમાચાર પ્રાપ્ત થયા છે. કાયદાના રક્ષક ભક્ષક બન્યા છે. પોતાની દિકરીને ન્યાય અપાવવા માટે જે વકીલ પર પરીવારે અતુટ ભરોસો મુકયો હતો. તે જ વકીલે ૧૩ વરસની માસુમ કિશોરીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. કેસ નબળો પાડી દેવાની ધમકી આપીને વકીલે સગીરા પર કુકર્મ આચર્યુ અને તેનો વિડીયો બનાવી બ્લેકમેઈલ પણ કરી હતી.

આ સમગ્ર મામલે પીડીતાના પિતાએ સુરતના સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં જ નરાધમ વકીલની ધરપકડ કરી તેને જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. વર્ષ ૨૦૨૫ માં ફરીયાદીની સગીર દિકરીનુ ૨ આરોપીઓએ અપહરણ કરી દુષ્કર્મ આચર્યુ હતું. આ કેસમાં પોલીસે ચાર્જશીટ રજુ કર્યા બાદ, પીડીત કિશોરીના પિતાએ કોર્ટમાં પોતાનો પક્ષ મજબુતાઈથી રાખવા માટે વકીલ પ્રણયરાજ ગોવિંદભાઈ રણવીર ને રોકયા હતા. ૧૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ વકીલ પ્રણય રાજે કિશોરીના પિતાને ફોન કરી દિકરીને ઘરકામ માટે નોકરીએ રાખવાનુ બહાનુ બતાવ્યુ હતું. પિતાએ ના પાડતા વકીલે ધમકી આપી હતી કે, કિશોરીને કામ પર નહી મોકલો તો તમારી દિકરીનો જે જુનો કેસ કોર્ટમાં ચાલે છે, તેમાં હું મોટુ નુકશાન કરાવી દઈશ અને કેસ બગાડી નાંખીશ, આ દબાણમાં આવીને પિતાએ દિકરીને વકીલ સાથે મોકલી હતી. વકીલ પ્રણયરાજ સગીરાને પોતાની ગાડીમાં બેસાડીને ડીંડોલી ખાતે આવેલી વેદાંતવીલા સોસાયટીના મકાન નં. ૪૨ માં લઈ ગયો હતો. ત્યાં તેણે પોતાનુ અસલી રાક્ષસી સ્વરૂપ ધારણ કરીને મારપીટ કરી, ડરાવી ધમકાવીને તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. એટલુ જ નહી તેણે કુકર્મ આચરીને કિશોરીને બ્લેકમેઈલ કરવાના ઈરાદે પોતાના મોબાઈલમાં આખી ઘટનાનો વિડીયો પણ ઉતારી દીધો હતો. પકડાયેલો વકીલ પ્રણયરાજ રણવીર અગાઉ થી જ ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે. તેની સામે અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં ૬ જેટલા ગંભીર ગુન્હા નોંધાયેલા છે. ઉપરાંત તેની પત્નીએ પણ તેની સામે ઘરેલુ હિંસાનો કેસ કરેલો છે અને બંને અલગ રહે છે. આ નરકાગારમાંથી મુકત થયા બાદ ભયભીત કિશોરીએ રડતા રડતા પોતાના પિતાને બધી આપવીતી જણાવી હતી. આ સાંભળીને પિતા તાત્કાલીક સચિન જીઆઈડી પોલીસ સ્ટેશન પહોચ્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈને એસીપી એ સી તરડે સહિતના ઉચ્ચ અધિકારીઓ તુરંત એકશનમાં આવ્યા હતા અને ગુન્હો નોંધી ગણતરીના કલાકોમાં જ વકીલને ઝડપી લીધો હતો. હાલ પોલીસ આ મામલે કોર્ટમાં આરોપીને કડકમાં કડક સજા થાય તે દિશામાં જીણવટભરી તપાસ કરી રહી છે.

# પવિત્ર યાત્રાધામ અંબાજી રાત્રી પૂજા વિવાદ પર હાઈકોર્ટે આપ્યો ચુકાદો: મંજુરી આપવી કે નહી તે ટ્રસ્ટ નકકી કરશે: હક્કદાવો ન થઈ શકે

પ્રતિનિધિ,ગાંધીનગર




પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં રાત્રી પૂજા ની મંજુરી મેળવવા બાબતે ચાલી રહેલા વિવાદ અંગે ગુજરાત હાઈકોર્ટ માં મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદના એક ટ્રસ્ટ દ્વારા રાત્રી પૂજાની મંજુરી મેળવવા માટે હાઈકોર્ટ માં અરજી દાખલ કરવામાં આવી છે.

આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કરતા જણાવ્યુ હતુ કે રાત્રી પૂજાની મંજુરી આપવી કે નહી તે સંપૂર્ણપણે આરાસુરી અંબાજી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ ની વિવેકશકિત પર આધારીત છે અને અરજદાર આ મંજુરી મેળવવા માટે પોતાના કોઈ કાયદેસરના અધિકાર કે હક્ક નો દાવો કરી શકે નહી. સુનાવણી દરમિયાન રાજય સરકાર વતી કોર્ટમાં પક્ષ રજુ કરવામાં આવ્યો હતો.

સરકારે જણાવ્યુ હતુ કે મંદિરની સુરક્ષા વ્યવસ્થા અને વરસો જુની ધાર્મિક પરંપરાને ધ્યાનમાં રાખીને રાત્રી પૂજા માટે ખુબ જ મર્યાદીત ટ્રસ્ટોને જ આવી મંજુરી આપવામાં આવતી હોય છે. સુરક્ષાના કારણોસર દરેકને આવી મંજુરી આપવી શકય નથી. ગુજરાત હાઈકોર્ટે સુનાવણી દરમિયાન નોંધ્યુ હતુ કે અરજદાર ટ્રસ્ટને ભુતકાળમાં રાત્રી પૂજા માટેની મંજુરી મળેલી છે, જો કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે અરજદારને નિર્દેશ આપ્યો છે કે તેઓ સીધા કોર્ટ માં આવવાને બદલે સૌપ્રથમ આરાસુરી અંબાજી ટ્રસ્ટ સમક્ષ પોતાની યોગ્ય રજુઆત કરે, ટ્રસ્ટ દ્વારા લેવામાં આવનારા નિર્ણય બાદ જ આગળની સ્થિતિ સ્પષ્ટ થશે. આ કેસની વધુ સુનાવણી આજે બુધવારે હાઈકોર્ટમાં હાથ ધરવામાં આવશે. જેમાં આગળની કાનુની દલીલો પર કોર્ટ પોતાનો આદેશ આપી શકે છે.

# સરકારી કર્મચારીઓની દિવાળી વહેલી આવી: આખરે હજારો કર્મચારીઓ માટે જુની પેન્શન યોજના લાગુ કરવા સરકારે લીધો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે એક ખુબ જ રાહતના અને મહત્વના સમાચાર પ્રાપ્ત થયા છે. રાજય સરકાર વર્ષ ૨૦૦૫ પહેલા ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય પરંતુ વહિવટી કે કાનુની કારણોસર મોડી નિમણુંક મેળવનારા અંદાજીત ૬૦ હજાર જેટલા કર્મચારીઓને જુની પેન્શન યોજના નો લાભ આપવાની તડામાર તૈયારીઓ કરી રહી છે.

આ અંગે પેન્શન એન્ડ પ્રોવિડન્ડ ફંડ નિયામક કચેરી દ્વારા રાજયના તમામ વિભાગોને પત્ર લખીને પાત્ર કર્મચારીઓની માહિતી તાકીદે મોકલી આપવા આદેશ કરવામાં આવ્યો છે. રાજય સરકારના નાણાં વિભાગના વર્ષ ૨૦૨૪ ના ઠરાવ અને કેન્દ્ર સરકારના નિયમોને આધારે કઈ કેટેગરીના કર્મચારીઓ આ યોજના માટે પાત્ર ઠરશે તેની યાદી મુકવામાં આવી છે. જેમાં જે કર્મચારીની ભરતી માટેની જાહેરાત અથવા પરીક્ષા પ્રક્રિયા ૧ એપ્રિલ ૨૦૦૫ પહેલા પૂર્ણ થઈ ગઈ હતી, જે ઉમેદવારોની નિમણુંક વહિવટી વિલંબ, કોર્ટ કેસ કે અન્ય કાનુની ગુંચવણોને કારણે ૨૦૦૫ પછી થઈ શકી હતી, ફીકસ પગાર હેઠળ સેવા આપ્યા બાદ નિયમિત થયેલા ચોકકસ કર્મચારીઓ કે જેમની મુળ ભરતી પ્રક્રિયા ૨૦૦૫ પહેલાની હતી,

નોંધનીય છે કે ૧ એપ્રિલ ૨૦૦૫ પછી સંપૂર્ણપણે નવી ભરતી પ્રક્રિયા હેઠળ નોકરીમાં જોડાયેલા કર્મચારીઓને આ યોજનાનો લાભ મળશે નહી. તેઓ એનપીએસ હેઠળ જ ચાલુ રહેશે,

પેન્શન નિયામક કચેરી દ્વારા જારી કરાયેલા પત્ર અનુસાર તમામ સરકારી કચેરીઓ અને વિભાગોએ સંબંધિત કર્મચારીઓના ડેટા એકસલ શીટ માં તૈયાર કરીને ઝડપથી સબમીટ કરવાનો રહેશે, આ પ્રક્રિયા માટે કેટલીક વિગતો ચકાસવા માટે ખાસ સુચના આપવામાં આવી છે. જેમાં (૧) કર્મચારીના પીઆરએએન /પીપીએએન નંબરની વિગત (૨) કર્મચારીના જીપીએફ (જનરલ પ્રોવિડન્ડ ફંડ) ખાતાની ચોકકસ વિગતો (૩) સેવા નિવૃત્તિ અંગેના જરૂરી સરકારી દસ્તાવેજોની ચકાસણી (૪) સરકારે આ કામગીરીને અરજન્ટ કેટેગરીમાં મુકી છે જેથી કરીને લાયકાત ધરાવતા સરકારી સેવકોને સમયસર જુની પેન્શન યોજનાના માળખામાં ટ્રાન્સફર કરી શકાય.

ગુજરાતમાં વરસોથી કર્મચારી મંડળો દ્વારા જુની પેન્શન યોજના લાગુ કરવા માટે રજુઆતો અને આંદોલનો કરવામાં આવી રહ્યા છે.

ખાસ કરીને જે કર્મચારીઓની ભરતી ૨૦૦૫ પહેલા શરૂ થઈ ગઈ હતી, પરંતુ સરકારી તંત્રના ધીમા વહિવટના કારણે ઓર્ડર મોડો મળ્યો હતો. તેઓ અન્યાયની લાગણી અનુભવી રહ્યા હતા, હવે જયારે સરકારે સત્તાવાર રીતે માહિતી એકત્રિત કરવાનુ શરૂ કર્યુ છે ત્યારે હજારો કર્મચારી પરીવારોમાં તેમના ભવિષ્ય અને નિવૃત્તિ બાદની સામાજિક સુરક્ષાને લઈને આશાનુ નવુ કિરણ જાગ્યુ છે. આગામી દિવસોમાં વિભાગો દ્વારા ડેટા સબમીટ થયા બાદ પાત્ર ઉમેદવારોને ઓફીશીયલ ઓર્ડર ઈસ્યુ થવાની પ્રક્રિયા વેગ પકડશે.

# દહેજની માંગણી અને ત્રાસના કારણે પરણીતાએ આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના દઢાલ ગામેથી એક અત્યંત ચિંતાજનક અને કાયદા-વ્યવસ્થા સામે લાલબત્તી ધરતો કિસ્સો સામે આવ્યો છે.

દઢાલ ગામે રહેતી એક પરણીતાએ સાસરિયા પક્ષના અસહ્ય ત્રાસથી કંટાળીને ગત ૧૧ જુલાઈના રોજ પોતાના ઘરે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ ઘટનાની જાણ થતાં જ પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પરણીતાના આપઘાત બાદ તેના પિતાએ સાસરિયાઓ સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, લગ્ન બાદથી જ પરણીતાને પિયરમાંથી વધુ દહેજ અને કિંમતી ચીજવસ્તુઓ લાવવા બાબતે સાસરિયાઓ દ્વારા દબાણ કરવામાં આવતું હતું. દહેજની ભૂખ સંતોષવા માટે પતિ, સાસુ, સસરા, જેઠ અને જેઠાણી દ્વારા ભેગા મળીને પરણીતાને અવારનવાર મેણા-ટોણા મારવામાં આવતા હતા અને તેને અસહ્ય શારીરિક તેમજ માનસિક યાતનાઓ આપવામાં આવતી હતી. આ રોજ-રોજના ત્રાસ અને ઘરકંકાસથી કંટાળીને આખરે પરણીતાએ આપઘાતનું અંતિમ પગલું ભરી લીધું હતું.